**શ્રી બી.એસ.ભટ્ટ, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં.૧, અમદાવાદ સમક્ષ**
**રેફરન્સ (ટી) નં.૧૫૧/૨૦૨૧**

હોટલ રોયલ હાઈનેસ પ્રા.લી.,
રુપાલી સીનેમાની બાજુમાં, સરદાર બાગ સામે,
લાલ દરવાજા, જી.અમદાવાદ. ...**પ્રથમ પક્ષકાર**

**વિરૂધ્ધ**

નટવરભાઈ રામાભાઈ પરમાર,
મકાન–૨૦, હેવન પ્લાઝા, સુરેલીયા,
અમરાઈવાડી, અમદાવાદ.
૮/૦, ગુજરાત મજદુર યુનીયન,
૭૧, પટેલ ચેમ્બર્સ, ને.હા. નં.૮, ખોડીયારનગર ચાર રસ્તા,
બાપુનગર, અમદાવાદ. ...**બીજા પક્ષકાર**

**વિષય :–આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) (સી) મુજબ ઔદ્યોગિક વિવાદ**

| | | |
|---|---|---|
| પ્રથમ પક્ષકાર તરફે | : | કોઈ હાજર નથી. |
| બીજા પક્ષકાર તરફે | : | વિ. પ્રતિનિધિશ્રી ગોરધનભાઈ પ્રજાપતિ. |

**:: એ વો ર્ડ ::**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી, અમદાવાદના તા.૦૨/૦૩/૨૦૨૧ ના ક્રમાંક: નાશ્રઆ/ અવિ/ વિભાગ–૨/આઈડીઆર નં.૧૬/૨૦૨૧/૮૧૭૦ ના પત્રથી બીજા પક્ષકાર નટવરભાઈ રામાભાઈ પરમારના એ આઈ.ડી.આર. કેસ નં.૧૬/૨૦૨૧ અંતર્ગત નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા અન્ય આનુસાંગિક લાભો મેળવવા ફરીયાદ કરેલી તેમાં સમાધાન શકય બનેલ નથી તેથી ઔદ્યોગિક વિવાદ (સુધારા) અધિનિયમ ૨૦૧૦ કે જે કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક એસ.ઓ. ૨૨૭૮ (ઈ) થી તા.૧૫/૯/૧૦ ના રોજ અમલમાં આવેલ છે જેની કલમ ૩ થી સુધારેલ જોગવાઈ મુજબ ફરીયાદ સીધી મજુર અદાલત અમદાવાદને કરવાની સુચના આપવામાં આવતા બીજા પક્ષકારે સીધો રેફરન્સ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

**અનુસૂચિ :**– નટવરભાઈ રામાભાઈ પરમાર, મકાન–૨૦, હેવન પ્લાઝા, સુરેલીયા, અમરાઈવાડી, અમદાવાદને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

**(૨)** આજરોજ લોકઅદાલત દરમિયાન બીજા પક્ષકારે હાજર થઈ આંક–૫ ની પુરસીસ રજુ કરેલ તેમાં જણાવેલ વિગતે બંને પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સુખદ સમાધાન થઈ ગયેલ હોય અને સમાધાન મુજબની રકમ મળી ગયેલ હોય સદર રેફરન્સ આગળ ચલાવવા માગતા નથી અને અરજીમાં માંગેલ દાદ સ્વેચ્છાએ જતી કરતા હોય સદર અરજી પાછી ખેંચી તે મુજબ રેફરન્સ વીડ્રોથી ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ.
તા.૧૧–૦૨–૨૦૨૩

(ભરતકુમાર શાંતિલાલ ભટ્ટ)
CODE–GJ00472
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં. ૧, અમદાવાદ.

R.C.GOHEL.PA.